









અમે મણિયારા રે.. ગોકુળ ગામના... - નવલી નવરાત્રીનો રંગ દિવસે દિવસે જામતો જાય છે... ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત નવરાત્રી મહોત્સવના ચોથા નોરતાએ કલ્ચરલ ફોરમના ગબ્બર ચોકમાં યુવાધન હિલોળે ચડ્યું હતું... મનના ઉમંગો અને હૈયામાં હામ ભરીને ગરબે ઘુમતા આ ખેલૈયાઓમાં એક નવો જ તરવાટ જોવા મળ્યો હતો...

# સેકટરોની શેરીઓમાં નવદુર્ગાની દિવ્ય આરાધના, રાસ-ગરબાની રમઝટ





## રંગબેરંગી રોશની અને રંગોલીના સુશોભન વચ્ચે ગરબે ઘુમતા ભાવિકો માતાજીની ભકિતમાં તલ્લીન : નવા અને જુના સેકટરોમાં પારિવારિક માહોલમાં યોજાતા શેરી ગરબાની ઉજવણીમાં શકિતની અનોખી ભકિત

ગાંધીનગર તા ૧૩

શહેરમાં નવલી નવરાત પર્વના પ્રાંરભિક તબક્કાથી સેકટરોમાં શેરી ગરબાની રંગત જામી છે. નગરજનો નવદુર્ગાની ભકિતમાં તલ્લીન બન્યા છે. સેકટરોમાં સાંજ ઢળતા જ ચાંચર ચોકમાં દિવ્ય ઉજાસ પથરાઈ જાય છે. જયારે રંગબેરંગી રોશની વચ્ચે ગરબાની રમઝટ જામે છે. સેકટરોની શેરીઓમાં શેરી ગરબામાં અનોખી શ્રધ્ધા ભકિતના દર્શન થાય છે. પારિવારિક માહોલમાં માતાજીના ગુણગાન ગાવા માટે ભાવિકો એકત્રિત થઈ નવદુર્ગાની પુજા અર્ચના કરે છે. સેકટરોમાં આ વર્ષે શેરી ગરબાના આયોજનમાં પણ વિશેષ ભવ્યતા જોવા મળી રહી છે. સેકટરોના શેરી ગરબામાં ચપટી , તાળી અને ઠેસના પરંપરાગત ગરબાની રમઝટ આકર્ષણનુ કેન્દ્ર બને છે. શહેરમાં અઢી દાયકા પુર્વે સે-૨૦ અને સે-૨૯ તેમજ સે-૨૧ માં યોજાતા શેરી ગરબામાં ફીલ્મ અભિનેતા અને ટી વી સિરીયલના કલાકારો પણ જોડાતા હતા. જયારે સે-૨૨ માં વેપારીઓ દ્વારા આયોજિત શેરી ગરબામાં પણ સાંજ ઢળતા જ ગરબા પ્રેમીઓની ભીડ જોવા મળે છે. હાલ સે-૫ મહાકાળી મંદિર , સે-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર તેમજ સે-૧, સે-૩ સે-૨૨માં શેરી ગરબાનુ આયોજન પાર્ટી પ્લોટને પણ પાછળ મુકી દે તેવુ ભવ્ય છે. માતાજીની ભકિત આરાધના સાથે રાત્રિના આરતી બાદ ગરબાની રમઝટ જામે છે. જયારે શેરી ગરબા દરમિયાન માતાજીને વિવિધ ભોગ પ્રસાદ સ્વરૂપે અર્પણ કરવામાં આવે છે. આ ઉપરાંત શેરી ગરબામાં રોશની , રંગોલીના સુશોભન વચ્ચે રોજ રાત્રિના રાસગરાબની રમઝટ જામે છે. પુજા અર્ચના અને ધુપની દિવ્ય મહેક વચ્ચે ભાવિકો માતાજીને થાળ અર્પણ



કરે છે. ભાવિકો રાસ ગરબાની રમઝટ જમાવે છે. સેકટરોમાં યોજાતા શેરી ગરબામાં પણ અનોખી સ્પર્ધા યોજવામાં આવે છે. જેમાં દિવડાઓના દિવ્ય પ્રકાશ તેમજ માતાજીના ગરબા ગાતા માથે ગરબો મુકીને ઘુમતી મહીલાઓ પણ પરંપરાગત ગરબા મહોત્સવ જીવંત રાખે છે. શેરી ગરબાના આયોજકો પણ વિશેષ ઉત્સાહ દાખવી વિજેતા સ્થાન જાળવવા પ્રયાસ કરે છે. સેકટરોમાં યોજાતા શેરી ગરબાને પ્રોત્સાહીત કરવા માટે જયોતિ મહીલા મંડળ દ્વારા પ્રતિવર્ષ સ્પર્ધા યોજવામાં આવે છે. શહેરમાં મધ્યાંતર તરફ આગળ વધતા નવરાત મહાત્સવના અંતે શેરી ગરબામાં અનોખો માહોલ જોવા મળી રહ્યો છે. નવદુર્ગાની ભકિતમાં ભાવિકો તલ્લીન બન્યા છે. સે-૫ મહાકાળી મંદિર , સે-૧ માં ગાયત્રી મંદિરની સામે પણ ભવ્ય શેરી ગરબામાં ગરબા પ્રેમીઓની ભીડ જામે છે. જયારે સે-૭ શિવશકિત ચોકમાં પણ આ વર્ષે ભવ્ય ગરબા મહાત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૩ માં પણ ઠેર ઠેર ગરબાની રમઝટ જામે છે. બાળા પુજન બટુક પુજનનો કાર્યક્રમ પણ યોજવામાં આવે છે. આ ઉપરાંત અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાય છે. જુના સેકટરોમાં પણ સે-૨૨ સે-૨૪ અને સે-૨૭ તેમજ સે-૨૬ કિસાન નગરમાં રાત્રિના ભાવિકો ગરબા મહોત્સવમાં જોડાય છે. મધ્યાંતર તરફ પહોંચતા શેરી ગરબાનો રંગ જામ્યો છે.

**ગરબા, બાળા પુજન બટુક પુજન સહીત સાંસ્કૃતિક કાર્યક્રમોનુ પણ આયોજન**



## ચિલોડા ખાતે બાળકોએ ગબ્બર બનાવ્યો

નવરાત્રી મહોત્સવમાં ગામડાઓમાં યુવકો યુવતીઓ ગામના મુખ્યચોકમાં પરંપરાત રીતે માડંવી દ્વારા નવલી નવરાત પ્રસંગે મા ની આરતી દ્વારા પૂજા-અર્ચના કરી ગરબે ઘુમી આનંદ માણતા હોય છે. ત્યારે નાના બાળકો શેરી-શેરીએ ગબ્બર બનાવવાનો અનેરો આનંદ મેળવે છે. જેમાં ચિલોડા ખાતે પીપળાવાળો વાસ તથા ટીંબાવાળાવાસના ભૂલકાંઓએ છેલ્લા ૧૫ દિવસથી માટી સહિત અન્ય સામગ્રી ભેગી કરી શ્રમ દ્વારા અદ્યતન ગબ્બરનું નિર્માણ કરી આકર્ષણ જમાવ્યુ છે.

## આજે શહેરમાં સાર્વજનિક વિજયાદશમી ઉત્સવ યોજાશે

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગાંધીનગર દ્વારા સાર્વજનિક વિજયાદશમી ઉત્સવનું આયોજન તા. ૧૪ ઓકટોબરના રોજ સાંજે ૪.૪૫ કલાકે સેક્ટર-૩-ડી નવરાત્રી ચોક મેદાન ખાતે કરવામાં આવ્યું છે. જેમાં મુખ્ય વકતા તરીકે ઘનશ્યામભાઈ સિતાપરા (પ્રાંત ગૌ સેવા પ્રમુખ, (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) ગુજરાત ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં નગરજનોને મોટી સંખ્યામાં હાજર રહેવા મનુભાઈ મોદીએ અનુરોધ કર્યો છે.

# પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાની કામગીરી સઘન કરવા કલેક્ટરની તાકીદ

પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાની કામગીરીને જિલ્લામાં વધુ સઘન બનાવવા પર જિલ્લા કલેક્ટરશ્રીએ ભાર મુક્યો હતો.

આ યોજનાની અમલવારી અંગે યોજાયેલ સમીક્ષા બેઠકમાં દહેગામ ઘાટક-૨ અને ગાંધીનગર ઘટક-૨માં કામગીરી થોડીક ધીમીગતિએ ચાલતી હોવાને લઈ તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. આ બન્ને આંગણવાડી ઘટકોમાં આ યોજના અંતર્ગત ૩૬ ટકા કરતાં પણ ઓછી કામગીરી થઈ છે. આ બેઠકમાં યોજનાના સઘન અમલીકરણ અંગેના વિવિધ પગલાંઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત હાલ ૪૦ ટકા જેટલી કામગીરી થઈ છે. ૬૬૦૦ના લક્ષ્યાંક સામે માત્ર ૨૭૦૦ જેટલા લાભાર્થીઓ નોંધાયા છે. આ યોજનામાં ત્રણ તબક્કામાં સગર્ભા માતાને રૂ. પાંચ હજારની સહાય આપવામાં આવે છે. જેથી તે કુપોષિત અને ઓછુ વજન ધરાવતી ના હોય એટલુ જ નહિ તે સગર્ભામાં હિમોગ્લોબીનનું જરૂરી પ્રમાણ જળવાઈ રહે.




**ચિલોડા શ્રી સ્વામીનારાયણ પ્રાથમિક શાળા ખાતે નવરાત્રી પર્વની ઉજવણી કરાઈ**

તાલુકાની ચિલોડા સ્થિત શ્રી સ્વામીનારાયણ પ્રાથમિક શાળા ખાતે નવરાત્રી મહોત્સવ નિમિત્તે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ટ્રેડિશનલ કપડાંમાં સજ્જ થઈને ઉત્સાહભેર ગરબે ઘુમ્યા હતા. આ પ્રસંગે જગતજનની જગદંબાની આરતી દ્વારા પૂજા-અર્ચના કરવામાં આવી હતી. શાળાના આચાર્ય માનસિંહ ચૌધરી તથા શિક્ષોએ કાર્યક્રમમાં બાળકોને ખૂબ પ્રોત્સાહિત કર્યા હતા. નવરાત્રી પર્વ નિમિત્તે બાળકોને ફળફળાદિનો પ્રસાદ વિતરણ કરી ધન્યતા અનુભવી હતી.

# સેવા અને પ્રેમ મોક્ષનો તથા કષાય અને ઘૃણા પતનનો ધામ : આચાર્ય સુનીલ સાગરજી

ગાંધીનગર, તા. ૧૩

આચાર્ય ભગવન સુનીલસાગરજી સેવા અને પ્રેમની મહિમા વર્ણવતા કહ્યું કે એનાથી આત્માના ગુણો પ્રકટ થાય છે અને પરમાત્મા સ્વરૂપની ઉપલબ્ધિ થાય છે. કષાય કલુષિત પરિણામો આત્માનાં ગુણો પર આવરણ નાખે છે, સંસારમાં પરિભ્રમણ કરાવે છે અને આત્માના પતનનો કારણ બને છે. ચારિત્ર મોહનીય સમ્યકત્વનો ધાત કરે છે. ભલે ચર્યામાં ચરિત્રનો પાલન દેખાતો હોય પણ જો મનમાં કષાય હશે, મિથ્યાત્વ હશે તો ભાવ વિશુદ્ધિ શક્ય નથી. જેમ ઘનઘોર મેઘોથી સૂર્ય પ્રકાશ ઢંકાઈ જાય છે તેમ કષાયથી આત્મા પર આવરણ આવી જાય છે. પણ આ સ્થાયી હોતો નથી ભાવવિશુદ્ધિના પુરુષાર્થ અને અંતરંગ પરિગ્રહના ત્યાગ દ્વારા



અનાવરણથી આત્માના ગુણોનું પ્રકટીકરણ થઈ જાય છે.

આ અંતરંગ પરિગ્રહ ૨૫ પ્રકારની કષાયો છે. કષાયની તીવ્રતા અને મંદતાના આધારે અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન કષાયનો ભેદાભેદ થાય છે. અનંતાનુબંધી કષાયમાં લાંબા સમય સુધી વૈર ભાવ રહે છે, મનની ગાંઠો ખુલતી નથી અને અનંત સંસારનો કારણ બને છે. અનંતાનુબંધી કષાય દુમુહા સાંપની જેમ છે જે એક તરફ સમ્યક શ્રદ્ધાનો નાશ કરે છે તથા બીજી બાજુ સમ્યક ચારિત્રનો. જે કષાયનો નિરાકરણ ૬ માસમાં થઈ જાય છે તે બીજા પ્રકારની અપ્રત્યાખ્યાન કષાય છે. આ બીજી પ્રકારની કષાયનો ત્યાગ કરીને મંદ કષાયી અને દેશવ્રતી બની શકાય છે.